**અગ્રતા ક્રમ :** **૧૧**

**પ્રશ્ન ક્રમાંક :** **૧૫/૪/૧૫૧**

**તા.૦૨/૦૨/૨૦૨૪**

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી ગોવિંદભાઈ પરમાર, ઉમરેઠ**

**પ્રશ્ન :-** **ઉમરેઠ નગરપાલિકા હસ્તકાના રેલ્વે ઓવરબ્રીજ/અન્ડર પાસ.**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ સરકારશ્રી ની કઇ યોજના અંતર્ગત ROB/RUB બનવાની કામગીરી કરવામાં આવી રહી છે?<br>➢ શહેરી વિકાસ દ્વારા બજેટ ૨૦૨૩-૨૪માં ROB/RUBના કામગીરી માટે કેટલી જોગવાઇ કરેલ છે?<br>➢ નગરપાલિકા અને મહાનગરપાલિકામાં સર્વે કરી કુલ કેટલા ROB/RUB બનાવવાનું આયોજન છે? | શ્રી ગોવિંદભાઇ પરમાર, ઉમરેઠ |
| ૨ | ➢ આ યોજનામાં કરવામાં આવેલ ખર્ચનું ભારણ કોના પર થાય છે?<br>➢ ૧ લાખથી ઓછી ATVU(એવરેજ ટ્રાફિક વ્હીકલ યુનીટ) માં બ્રિજના ખર્ચનુ ભારણ કોના ઉપર આવે છે.? | શ્રી યોગેશભાઈ પટેલ, આણંદ |
| ૩ | ➢ નોડલ એજન્સી દ્વારા ઉમરેઠ નગરપાલિકાના ROBની કામગીરી કઇ એજન્સીને આપવામાં આવેલ છે? અને આ કામ હાલ કયા તબક્કે છે? | શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ, પેટલાદ |

**અગ્રતાક્રમ :- ૧૧**
**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૧૫૧**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**
**તા.૦૨/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી ગોવિંદભાઇ પરમાર, ઉમરેઠ)**

- સરકારશ્રી ની કઇ યોજના અંતર્ગત ROB/RUB બનવાની કામગીરી કરવામાં આવી રહી છે?
- શહેરી વિકાસ દ્વારા બજેટ ૨૦૨૩-૨૪માં ROB/RUBના કામગીરી માટે કેટલી જોગવાઇ કરેલ છે?
- નગરપાલિકા અને મહાનગરપાલિકામાં સર્વે કરી કુલ કેટલા ROB/RUB બનાવવાનું આયોજન છે?

**જવાબ:**

- માનનીય મુખ્યમંત્રીશ્રીના ફાટક-મુક્ત ગુજરાત અભિયાન હેઠળ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ROB/RUB બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

- શહેરી વિકાસ વિભાગના બજેટ ૨૦૨૩-૨૪માં અંદાજે રૂ.૧૧૩૧.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

- ગુજરાત ની તમામ નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ માં કુલ ૧૪૮ રેલ્વે ફાટક છે. જેના માટે ફિઝીબીલીટી સર્વે કરાયેલ છે. જે પૈકી ૧૦૮ ફાટક ઉપર રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજની કામગીરી ફિઝીબલ છે તથા આ ફિઝીબલ ફાટક પૈકી ૧૨ ફાટક પર ઓવરબ્રીજ/અંડરબ્રીજના કામો પૂર્ણ થયેલ છે, ૩૩ ફાટક પર રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજના કામો પ્રગતિ હેઠળ છે. બાકી રહેલ ફાટક ઉપર ઓવરબ્રીજ/અંડરબ્રીજની કામગીરી આગામી સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે

**પેટા પ્રશ્ન ૨ (શ્રી યોગેશભાઈ પટેલ, આણંદ)**

- આ યોજનામાં કરવામાં આવેલ ખર્ચનું ભારણ કોના પર થાય છે?
- ૧ લાખથી ઓછી ATVU(એવરેજ ટ્રાફિક વ્હીકલ યુનીટ) માં બ્રિજના ખર્ચનુ ભારણ કોના ઉપર આવે છે.?

**જવાબ:**

- આ યોજના અંતર્ગત કરવામાં આવેલ ખર્ચ રાજ્ય સરકાર અને રેલ્વે ઓથોરીટી માં થયેલ સમજુતી મુજબ ૧ લાખથી વધુ ATVU(એવરેજ ટ્રાફિક વ્હીકલ યુનીટ) માં ૫૦% ખર્ચનો હિસ્સો રાજ્ય સરકાર અને ૫૦% હિસ્સો કેંદ્ર સરકાર(રેલ્વે વિભાગ) દ્વારા કરવામાં આવે છે.

- ૧ લાખથી ઓછી ATVUમાં બ્રિજનો ૧૦૦ ટકા ખર્ચ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે.

- હાલના તબક્કે આ કામમાં ૫૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે. હાલ આ કામ પ્રગતિમાં છે અને આગામી ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં કામ પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.

**પેટા પ્રશ્ન ૩ (શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ, પેટલાદ)**

- નોડલ એજન્સી દ્વારા ઉમરેઠ નગરપાલિકાના ROBની કામગીરી કઇ એજન્સીને આપવામાં આવેલ છે? અને આ કામ હાલ કયા તબક્કે છે?

**જવાબ:**

- નોડલ એજન્સી દ્વારા ઉમરેઠ નગરપાલિકાના ROB (LC No. ૨૩) ની કામગીરી અમર  કંસ્ટ્રક્શન કંપનીને આપવામાં આવેલ છે.

- આ કામમાં ૫૦ ટકાા કામગીરી પૂર્ણ થયેલ છે. હાલમાં આ કામ પ્રગતિમાં છે અને આગામી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.